| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૮/૨૦૧૯ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૮/૦૮/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૧૧/૦૯/૨૦૨૧ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૦૨ ૦૦ ૧૪ |

**મે.સુરતના ૧૦ માં વધારાના સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક. સાહેબની કૉર્ટમાં..**

**ફોજદારી કેસ નં.૩૬૭૧૪/૨૦૧૯**

**<u>આંક – ૦૧ તળે હુકમ</u>**

1. આ કામે ફરિયાદી/ભોગબનનારની આંક-૦૭ ની સમાધાન પુરસીસ તથા આંક-૦૮ ની કલોઝીંગ પુરસીસ ઉપર વિ.એ.પી.પી નો શેરો તથા સદર પુરસીસ તળે હુકમ કરેલ તે તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના મૂળ ફરિયાદીએ અને મુદ્દામાલના માલિકે હાલની પુરસીસ આપીને જાહેર કરેલ છે કે, તેઓને આરોપી સાથે રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને તેથી તેઓ આરોપી સામેનો હાલનો ગુનો સમાધાન કરવા માંગે છે અને આ કેસ આગળ ચલાવવા માંગતા નથી.
2. સદર કામે ફરિયાદીની સદર પુરસીસ સાથે ક્રિ.પ્રો.કોડની કલમ-૩૨૦(૧) ની જોગવાઈઓ વંચાણે લેતાં તથા તે જોગવાઈ અંગે ***"વાય. બી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા" 2008 Cri.L.J 928*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં, કાયદાની એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૨૦ મુજબ ગુન્હો માંડવાળ કરવા માટેની અરજી સદર કલમના કોઠાની કોલમ નં.૩ માં વર્ણવેલ વ્યકિત તેની સહીથી આપી શકે છે અને તેવા ગુન્હા માંડવાળ કરવા માટે ફરિયાદી/ભોગ બનનાર/મિલકતના માલિક તથા આરોપીની સંયુક્ત સહીની જરૂરિયાત રહેતી નથી. તેમજ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૨૦ હેઠળ ગુન્હો માંડવાળ કરવાની પ્રક્રિયા કોર્ટ ગુન્હાનું સંજ્ઞાન લે તે પહેલાં પણ થઈ શકે તેમ છે.

3. આમ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૨૦ ની જોગવાઈ તથા તે જોગવાઈ અંગેના ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં, આ કેસમાં જણાવ્યા મુજબનો આક્ષેપિત ગુન્હો હાલના મૂળ ફરિયાદી/ભોગ બનનાર સમાધાન કરી શકે તેમ હોય અને તે ગુન્હો સમાધાન કરવામાં બીજા કોઈ પક્ષકારની સંમતિની જરૂર રહેતી ન હોઈ તેમજ એ.પી.પી.શ્રીને પણ સદર પુરસીસ મુજબ સમાધાન નોંધવા સામે વાંધો ન હોઈ, સદર પુરસીસ મુજબ મૂળ ફરિયાદી તથા આરોપી વચ્ચે પુરસીસમાં જણાવ્યા મુજબના ગુન્હા અંગે સમાધાન રેકર્ડ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં, આ કામના આરોપીઓ ને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૨૦(૧)(૮) ની જોગવાઈ ધ્યાને લેતાં, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯,૧૧૪, મુજબના ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે.
4. મુદામાલ અંગે અગાઉ નામ. કોર્ટે હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે તેમજ જો મુદામાલ અંગે અગાઉ કોઇ હુકમ કરવામા આવેલ ન હોય તો તે બાબતે યોગ્ય ઇન્કવાયરી કરી માલીકીની ખરાઇ કરી પરત સોપવાનો હુકમ કરવામા આવે છે .

હુકમ આજ તારીખ ૧૧ મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૧ ના રોજ વાંચી સંભળાવી રાષ્ટ્રીય લોક અદાલત તથા સ્પેશીયલ સીટીંગ્સ અંગે આપેલ માર્ગદશિકા મુજબ જાહેર કર્યો.

**તારીખઃ ૧૧/૦૯/૨૦૨૧.** **(રશ્મિકાંત આર.બારીઆ)**

**સ્થળઃ સુરત.** **૧૦ માં એડી.જયુડી. મેજી.,સુરત.**